શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ-મુંબઈ ઝોનની તા. ૧૯-૩-૨૦૧૦ના મળેલ સામાન્ય સભા

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર - મુંબઈ ઝોનની સામાન્ય સભા તા. ૧૯-૩-૨૦૧૦ને શુક્રવારે સ્વર્ણિમ મહોત્સવના આયોજન તથા નખત્રાણા ખાતે બનેલ ઘટનાને વખોડી કાઢવા માટે બપોરે ૩.૦૦ કલાકે પાટીદારવાડી, ઘાટકોપર મધ્યે ઝોનના પ્રમુખ શ્રી મનસુખભાઈ વેલાણીના અધ્યક્ષસ્થાને મળેલ હતી.

સર્વ પ્રથમ ઝોનના મહામંત્રી શ્રી દેવજીભાઈ ભાવાણીએ મા ઉમિયાની જય બોલાવી મહાનુભાવોને મંચપર સ્થાન ગ્રહણ કરાવ્યા બાદ ઝોન મંત્રી શ્રી મોહનભાઈ પોકારે સંચાલનનો દોર સંભાળી મા ઉમિયાના સાનિધ્યમાં દિપ પ્રાગટ્ય કરાવેલ અને ઝોનના ઉપપ્રમુખશ્રી છગનભાઈ પોકારે સ્વાગત પ્રવચન કરેલ અને સભાના એજન્ડાનું વાંચન ઝોનના મંત્રિ શ્રી ઉમેશભાઈ નાથાણીએ કરેલ હતું.

ત્યારબાદ સ્વર્ણિમ મહોત્સવના વીવિધ થીમો આધારીત આવેલ કન્વીનરશ્રીઓના પત્રોનું વાંચન કરવામાં આવ્યું. તેમ જ સહયોગનિધી અને અન્ય નિધીઓ વિશેના પત્રોનું વાંચન કરવામાં આવ્યું. તથા મે ૨૦૧૦ના સ્વર્ણિમ મહોત્સવની ઉજવણીના આગોતરા આમંત્રણનું પણ વાંચન કરવામાં આવ્યું. અને તેમાં સર્વેએ તન, મન ધનથી સહકાર આપી ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવવાનો નિર્ધાર કરવામાં આવ્યો જે આ સભાએ સર્વાનુમતે વધાવી લીધેલ હતો.

ત્યારબાદ તા. ૨૭-૨-૨૦૧૦ના નખત્રાણા વિદ્યાર્થી ભવનના પટાંગણમાં બનેલ ઘટનાને વખોડી કાઢવા બાબતના એજન્ડાનું સંચાલન ઝોનના મંત્રિ શ્રી સામજીભાઈ નાકરાણીએ કરેલ તેઓશ્રી આ ઘટના વખતે ઉપસ્થિત હોવાથી પ્રત્યક્ષ અનુભવનો આંખે દેખ્યો અહેવાલ આપેલ અને સખત શબ્દોમાં વખોડી કાઢેલ.

શ્રી ઉમિયા માતાજી સંસ્થાનના પ્રમુખશ્રી રવિલાલ કેસરા રામજીયાણી જેઓ પણ તે વખતે હાજર હતા. તેઓશ્રી એ પણ આ ઘટનાને દુઃખદ ગણાવી વખોડી કાઢેલ હતી. અને બન્નેએ ખોટી અફવાઓની સ્પષ્ટતા કરેલ હતી.

ત્યારબાદ ઉપરોક્ત ઘટના માટે પોતાના વિચારો આપવા શ્રી પ્રેમજીભાઈ કેસરાણી, કેન્દ્રિય સમાજના ટ્રસ્ટી શ્રી લધા વિશ્રામ પોકાર, શ્રી હિંમતભાઈ ખેતાણી, શ્રી મહેશ વેલાણી, શ્રી રમેશ રવજી પોકાર, શ્રી રતનશી લાલજી દિવાણી, શ્રી રવજી રામજી ચોપડા, શ્રી ટ્રસ્ટના ચેરમેનશ્રી કાન્તિભાઈ સેંઘાણી, શ્રી શંભુભાઈ ઘોઘારી, શ્રી નવીનભાઈ ધોળુ, શ્રી ઉમેશભાઈ નાથાણી, શ્રી વિશનજીભાઈ માવાણી, શ્રી હિરાલાલ અમૃતિયા, શ્રી ગૌતમ કેસરાણી, મે. ટ્રસ્ટી શ્રી છગનભાઈ પોકાર, યુવા સંઘ મુંબઈ ઝોન પ્રમુખ શ્રી કિર્તીભાઈ દિવાણી, શ્રી મનજીભાઈ છાભૈયા વગેરે સનાતની ભાઈઓએ નખત્રાણા વિદ્યાર્થી ભવનના પટાંગણમાં સતપંથી ભાઈઓ તરફથી કરવામાં આવેલ પોલીસ કાર્યવાહીને સખત શબ્દોમાં વખોડી કાઢેલ હતી. ઉપરાંત સતપંથી ભાઈઓ તરફથી વકીલ મારફતે થયેલ કેસો અને આવેલ નોટીસોને સખત શબ્દોમાં વખોડી કાઢેલ અને આ તમામ કેસો જલદી પાછા ખેંચી લેવાની એક અવાજે માંગ કરેલ. અમુક ભાઈઓએ કેન્દ્રિય સમાજની નેતાગીરીને નબળી ગણાવેલ હતી. તદ્ઉપરાંત આમાંના ઘણા ભાઈઓનો મત હતો કે સતપંથ ધર્મ હિંદુ ધર્મનો ભાગ નથી. પણ મુસલમાન ધર્મનો ભાગ છે. તે માટે જરૂરી માહિતીઓ પણ આપેલ હતી અને સતપંથી ભાઈઓને જલદી સમજી જવાની વિનંતી કરેલ હતી. અને આજે કંઈ પણ ઠોસ નિર્ણય લઈને ઉભા થઈએ તેવો સખત આગ્રહ રાખેલ હતો.

આ સભામાં ઉપસ્થિત રહેલ સતપંથી ભાઈઓ શ્રી શાંતિલાલ ધનજી માકાણી, શ્રી જયંતિલાલ પ્રેમજી પટેલ, શ્રી રાજુભાઈ મણિભાઈ પોકાર, ઝોન મહામંત્રિ શ્રી દેવજીભાઈ ભાવાણી વગેરે એ પણ નખત્રાણાની ઘટના તેમના સનાતની ભાઈઓ પર થયેલ કેસો અને નોટીસોને સખત શબ્દોમાં વખોડી કાઢેલ અને દુઃખની લાગણી વ્યક્ત કરી હતી. અને જણાવેલ કે આ કેસો માટે સતપંથ સમાજનો સહકાર નથી. આપણે સાથે બેસીને રસ્તો કાઢી શકીશું. સનાતની ભાઈઓ તરફથી રજુ કરવામાં આવેલ અમુક વિગતો સંપૂર્ણ સત્ય નથી.

આ આઠ કલાક ચાલેલી સભામાં ખૂબ જ લાંબી ચર્ચાઓ અને મંતવ્યો બાદ ઠરાવો નક્કી કરવાનો ઢાંચો તૈયાર કરવામાં આવ્યો જેને અધ્યક્ષિય ભાષણ બાદ આખરી સ્વરૂપ આપવામાં આવ્યું.

અધ્યક્ષિય ભાષણ કરતાં ઝોન પ્રમુખશ્રી મનસુખ ધનજી વેલાણીએ જણાવેલ કે આ સભા સામાજીક સભામાંથી ઉપસ્થિત ભાઈના મંતવ્યોથી ધાર્મિક સભામાં પરિવર્તીત થઈ ગયેલ છે. સ્વર્ણિમ મહોત્સવમાં સર્વે ભાઈઓએ તન, મન ધનથી સહકાર આપી મહોત્સવમાં ઉપસ્થિત રહેવા અપીલ કરેલ. મુંબઈમાં સભા બોલાવવા થયેલ વિલંબનું કારણ માત્ર એટલું જ હતું કે મુંબઈમાં વિભાગીય વાતાવરણ ન બને નખત્રાણા ખાતે

(અનુસંધાન પાન નં. ૩ પર)

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ-મુંબઈ ઝોનની તા. ૧૯-૩-૨૦૧૦ના મળેલ સામાન્ય સભા

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર - મુંબઈ ઝોનની સામાન્ય સભા તા. ૧૯-૩-૨૦૧૦ને શુક્રવારે સ્વર્ણિમ મહોત્સવના આયોજન તથા નખત્રાણા ખાતે બનેલ ઘટનાને વખોડી કાઢવા માટે બપોરે ૩.૦૦ કલાકે પાટીદારવાડી, ઘાટકોપર મધ્યે ઝોનના પ્રમુખ શ્રી મનસુખભાઈ વેલાણીના અધ્યક્ષસ્થાને મળેલ હતી.

સર્વ પ્રથમ ઝોનના મહામંત્રી શ્રી દેવજીભાઈ ભાવાણીએ મા ઉમિયાની જય બોલાવી મહાનુભાવોને મંચપર સ્થાન ગ્રહણ કરાવ્યા બાદ ઝોન મંત્રી શ્રી મોહનભાઈ પોકારે સંચાલનનો દોર સંભાળી મા ઉમિયાના સાનિધ્યમાં દિપ પ્રાગટ્ય કરાવેલ અને ઝોનના ઉપપ્રમુખશ્રી છગનભાઈ પોકારે સ્વાગત પ્રવચન કરેલ અને સભાના એજન્ડાનું વાંચન ઝોનના મંત્રિ શ્રી ઉમેશભાઈ નાથાણીએ કરેલ હતું.

ત્યારબાદ સ્વર્ણિમ મહોત્સવના વીવિધ થીમો આધારીત આવેલ કન્વીનરશ્રીઓના પત્રોનું વાંચન કરવામાં આવ્યું. તેમ જ સહયોગનિધી અને અન્ય નિધીઓ વિશેના પત્રોનું વાંચન કરવામાં આવ્યું. તથા મે ૨૦૧૦ના સ્વર્ણિમ મહોત્સવની ઉજવણીના આગોતરા આમંત્રણનું પણ વાંચન કરવામાં આવ્યું. અને તેમાં સર્વેએ તન, મન ધનથી સહકાર આપી ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવવાનો નિર્ધાર કરવામાં આવ્યો જે આ સભાએ સર્વાનુમતે વધાવી લીધેલ હતો.

ત્યારબાદ તા. ૨૭-૨-૨૦૧૦ના નખત્રાણા વિદ્યાર્થી ભવનના પટાંગણમાં બનેલ ઘટનાને વખોડી કાઢવા બાબતના એજન્ડાનું સંચાલન ઝોનના મંત્રિ શ્રી સામજીભાઈ નાકરાણીએ કરેલ તેઓશ્રી આ ઘટના વખતે ઉપસ્થિત હોવાથી પ્રત્યક્ષ અનુભવનો આંખે દેખ્યો અહેવાલ આપેલ અને સખત શબ્દોમાં વખોડી કાઢેલ.

શ્રી ઉમિયા માતાજી સંસ્થાનના પ્રમુખશ્રી રવિલાલ કેસરા રામજીયાણી જેઓ પણ તે વખતે હાજર હતા. તેઓશ્રી એ પણ આ ઘટનાને દુઃખદ ગણાવી વખોડી કાઢેલ હતી. અને બન્નેએ ખોટી અફવાઓની સ્પષ્ટતા કરેલ હતી.

ત્યારબાદ ઉપરોક્ત ઘટના માટે પોતાના વિચારો આપવા શ્રી પ્રેમજીભાઈ કેસરાણી, કેન્દ્રિય સમાજના ટ્રસ્ટી શ્રી લધા વિશ્રામ પોકાર, શ્રી હિંમતભાઈ ખેતાણી, શ્રી મહેશ વેલાણી, શ્રી રમેશ રવજી પોકાર, શ્રી રતનશી લાલજી દિવાણી, શ્રી રવજી રામજી ચોપડા, શ્રી ટ્રસ્ટના ચેરમેનશ્રી કાન્તિભાઈ સેંઘાણી, શ્રી શંભુભાઈ ઘોઘારી, શ્રી નવીનભાઈ ઘોળુ, શ્રી ઉમેશભાઈ નાથાણી, શ્રી વિશનજીભાઈ માવાણી, શ્રી હિરાલાલ અમૃતિયા, શ્રી ગૌતમ કેસરાણી, મે. ટ્રસ્ટી શ્રી છગનભાઈ પોકાર, યુવા સંઘ મુંબઈ ઝોન પ્રમુખ શ્રી કિર્તીભાઈ દિવાણી, શ્રી મનજીભાઈ છાભૈયા વગેરે સનાતની ભાઈઓએ નખત્રાણા વિદ્યાર્થી ભવનના પટાંગણમાં સતપંથી ભાઈઓ તરફથી કરવામાં આવેલ પોલીસ કાર્યવાહીને સખત શબ્દોમાં વખોડી કાઢેલ હતી. ઉપરાંત સતપંથી ભાઈઓ તરફથી વકીલ મારફતે થયેલ કેસો અને આવેલ નોટીસોને સખત શબ્દોમાં વખોડી કાઢેલ અને આ તમામ કેસો જલદી પાછા ખેંચી લેવાની એક અવાજે માંગ કરેલ. અમુક ભાઈઓએ કેન્દ્રિય સમાજની નેતાગીરીને નબળી ગણાવેલ હતી. તદ્ઉપરાંત આમાંના ઘણા ભાઈઓનો મત હતો કે સતપંથ ધર્મ હિંદુ ધર્મનો ભાગ નથી. પણ મુસલમાન ધર્મનો ભાગ છે. તે માટે જરૂરી માહિતીઓ પણ આપેલ હતી અને સતપંથી ભાઈઓને જલદી સમજી જવાની વિનંતી કરેલ હતી. અને આજે કંઈ પણ ઠોસ નિર્ણય લઈને ઉભા થઈએ તેવો સખત આગ્રહ રાખેલ હતો.

આ સભામાં ઉપસ્થિત રહેલ સતપંથી ભાઈઓ શ્રી શાંતિલાલ ધનજી માકાણી, શ્રી જયંતિલાલ પ્રેમજી પટેલ, શ્રી રાજુભાઈ મણિભાઈ પોકાર, ઝોન મહામંત્રિ શ્રી દેવજીભાઈ ભાવાણી વગેરે એ પણ નખત્રાણાની ઘટના તેમના સનાતની ભાઈઓ પર થયેલ કેસો અને નોટીસોને સખત શબ્દોમાં વખોડી કાઢેલ અને દુઃખની લાગણી વ્યક્ત કરી હતી. અને જણાવેલ કે આ કેસો માટે સતપંથ સમાજનો સહકાર નથી. આપણે સાથે બેસીને રસ્તો કાઢી શકીશું. સનાતની ભાઈઓ તરફથી રજુ કરવામાં આવેલ અમુક વિગતો સંપૂર્ણ સત્ય નથી.

આ આઠ કલાક ચાલેલી સભામાં ખૂબ જ લાંબી ચર્ચાઓ અને મંતવ્યો બાદ ઠરાવો નક્કી કરવાનો ઢાંચો તૈયાર કરવામાં આવ્યો જેને અધ્યક્ષિય ભાષણ બાદ આખરી સ્વરૂપ આપવામાં આવ્યું.

અધ્યક્ષિય ભાષણ કરતાં ઝોન પ્રમુખશ્રી મનસુખ ધનજી વેલાણીએ જણાવેલ કે આ સભા સામાજીક સભામાંથી ઉપસ્થિત ભાઈના મંતવ્યોથી ધાર્મિક સભામાં પરિવર્તીત થઈ ગયેલ છે. સ્વર્ણિમ મહોત્સવમાં સર્વે ભાઈઓએ તન, મન ધનથી સહકાર આપી મહોત્સવમાં ઉપસ્થિત રહેવા અપીલ કરેલ. મુંબઈમાં સભા બોલાવવા થયેલ વિલંબનું કારણ માત્ર એટલું જ હતું કે મુંબઈમાં વિભાગીય વાતાવરણ ન બને નખત્રાણા ખાતે

(અનુસંધાન પાન નં. ૩ પર)

(અનુસંધાન પાના નં. ૬ થી ચાલુ...)

તા. ૨૭-૨-૨૦૧૦ની ઘટના અને અન્યો ઉપર થયેલ કેસો અને નોટીસો આપણા સમાજ માટે દુઃખની વાત છે અને તેને વખોડવીજ ઘટે. આજની સભામાં સતપંથી ભાઈઓએ પણ વખોડેલ છે. તે પ્રસંશનિય છે. આપણે સૌએ સમાજ ન વિખાય તેના પ્રયત્નો કરવા જોઈએ અને કેસો પાછા ખેંચી લેવા જ જોઈએ. જાગૃતિ સારી છે પણ વિભાજન ઠીક નહીં કેન્દ્રિય નેતાગીરી તથા સમાધાન સમિતી સાથે મળીને બન્ને પક્ષોના સંતોને સાથે બેસાડીને સમાધાનના પ્રયત્નો કરવા જોઈએ. કેન્દ્રિય નેતાગીરીને નબળી કહીને અવગણીએ તે યોગ્ય નથી કેમકે આપણે જ ચુંટીને મુકેલ છે. આપણા સૌ સ્વર્ણિમ મહોત્સવમાં ઉત્સાહભેર ભાગ લઈએ અને સમાજ ન તુટે તેવા પ્રયત્નો કરીએ.

છેલ્લે આ સભાના સારરૂપ ઠરાવોને આખરી સ્વરૂપ આપવામાં આવ્યું જે નીચે મુજબ છે.

<u>ઠરાવ નં. ૧</u> : શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં ચાલતા સંતપથ અને સનાતન વચ્ચેના વિવાદોને હલ કરવા જ્ઞાતિની કેન્દ્રીય સંસ્થાએ સમાધાન કરવાના જે પ્રયાસો હાથ ધરેલ છે. તેને આજની સભા આવકારે છે. પણ તા. ૨૭-૨-૨૦૧૦ નખત્રાણા ખાતે કેન્દ્રીય સમાજના કાર્યાલયમાં યોજાયેલી સમાધાન સમિતીનો મીટીંગ ચાલતી વેળાએ સમાધાનમાં "રોડા" નાખવાના હેતુથી સંતપંથીઓ તરફથી જે વાતાવરણ ડહોળી નાખવાનો હિણ પ્રયાસ કરવામાં આવ્યો તેને આ સભા સર્વાનુમતે વખોડી કાઢે છે. આવા સમાજના સંગઠનને "લુણો" લગાડનાર તત્વો સામે કડક હાથે કામ લેવું તેવું આજની સભા સર્વાનુમતે ઠરાવે છે.

<u>ઠરાવ નં. ૨</u> : સંતપંથીઓ તરફથી શ્રી જેઠાભાઈ લાલજી ચોપડા (ભુજ) શ્રી રતિલાલ મનજી પટેલ (ભુજ), શ્રી રમેશ માવજી વાઘડીયા (બેંગલોર) શ્રી હિમ્મત રતનશી ખેતાણી (મુંબઈ), શ્રી અબજી વિશ્રામ કાનાણી (મુંબઈ), શ્રી પ્રેમજી ભાણજી કેશરાણી (મુંબઈ), શ્રી અમૃત આર. પટેલ (રાજપૂરા કંપા), શ્રી રમણભાઈ શામજી વાસાણી (વડાગામ), શ્રી અશોક જે. પટેલ (ધનસૂરા), શ્રી મણિલાલ ગોવિંદ ગોગારી (મુંબઈ), અને શ્રીજી ઑફસેટ ભુજના સંચાલક શ્રી પર કોર્ટ કેસ કરવાની ગર્ભિત ધમકી આપતી નોટીસો બે અલગ અલગ જગ્યાએ થી આપવામાં આવી છે. આ નોટીસો વ્યક્તિગત ધોરણે હોવા છતાં તેની સાથે સંતપંથ સમાજનો દોરી સંચાર હોવાનું આ સભા સ્પષ્ટ પણ બહુમતીથી માને છે. આ રીતે થતાં કોર્ટ કેસો અને ખોટી ફરિયાદો જે કેન્દ્રીય સમાજની "૧૯" કલમનો ભંગ છે. આવા કૃત્યોને આ સભા સર્વાનુમતે સખત શબ્દોમાં વખોડી કાઢે છે. સાથે ઉંડા દુઃખની લાગણી વ્યક્ત કરે છે.

<u>ઠરાવ નં. ૩</u> : કેન્દ્રીય સમાજ સનાતની સમાજના વડીલો દ્વારા સ્થાપવામાં આવી છે. તેથી કેન્દ્રીય સમાજ દ્વારા મે ૨૦૧૦માં યોજાનાર સ્વર્ણિમ જયંતિ મહોત્સવમાં સનાતન સમાજનાં તમામ સભ્યોએ ઉત્સાહથી ભાગ લેવો જોઈએ. એમ આ સમાજની સભા માને છે. આથી કેન્દ્રીય સમાજ સ્પષ્ટ પણ જાહેર કરે કે આ મહોત્સવ સનાતન ધર્મીઓનો છે અને સનાતની ભાઈઓ જ ઉજવશે તેવો સર્વાનુમતે ઠરાવે છે.

<u>ઠરાવ નં. ૪</u> : અગ્નિ સંસ્કાર કરવાને બદલે દફનવિધી (ભુમિદાહ) કરવો એ કેન્દ્રીય સમાજના ધારા ધોરણની "૧૮"મી કલમનું ઉલ્લંઘન છે એ આ સભા સ્પષ્ટપણે માને છે. જે સભ્યો દફનવિધી કરતો હોય તેમની સ્મશાન યાત્રામાં સનાતન સમાજના સભ્યોએ ભાગ લેવો નહી એવું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. આ ઠરાવનું ઉલ્ઘંન કરનાર સાથે સમાજે તેમ જ દરેકે અસહકાર કરવો તેવું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

<u>ઠરાવ નં. ૫</u> : સંતપંથ સમાજ દ્વારા યોજાતા કોઈપણ ધાર્મિક કાર્યક્રમમાં સનાતની સમાજના સભ્યોએ ભાગ લેવો નહિ તેવું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

<u>ઠરાવ નં. ૬</u> : ગામે ગામમાં સતપંથીઓ દ્વારા કરવામાં આવેલ કેસો જેઓ પાછા ખેંચવામાં ન આવે તો તેમની સાથે સદંતર વ્યવહાર બંધ કરવાનું સર્વાનુમતે કરાવવામાં આવે છે.

<u>ઠરાવ નં. ૭</u> : નીચે મુજબના ડ્રાફ્ટ મુજબ કેન્દ્રિય સમાજ 'શ્વેતપત્ર' બહાર પાડે એવું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

કેન્દ્રીય સમાજ દ્વારા ઘણા જ વખતથી ધાર્મિક વિવાદો અંગેનાં સમાધાનની પ્રક્રિયા દરમ્યાન હોદ્દેદારો દ્વારા સમગ્ર રીતે ખૂબ જ ઊંડાણ પૂર્વકનો અભ્યાસ વખતો વખત થતો રહેલ છે. અમારી સમક્ષ આવેલાં કેટલાંક તથ્યો, હકીકતો, સાહિત્યોમાંથી ઉભરેલાં સભ્યો, પૂર્વજોની દિશા, વડવાંઓનાં કાર્યો, જ્ઞાતિજનોમાં આવેલાં ધાર્મિક પરિવર્તનો, તદ્ ઉપરાંત દેશભરનાં જ્ઞાતિજનો સાથેના સંવાદો, મતો અભિપ્રાયો વગેરેને અમો મુંબઈ ઝોને નોંધમાં લીધેલ છે. તેમ જ છેલ્લા કેટલાંક વર્ષોનો ઈતિહાસ અને ધર્મ વિષયક વિવાદો, બનાવો, ઘટનાઓ અને વર્તમાન બંધારણનો તલસ્પર્શી અભ્યાસનાં તાર્કિક તારણો કરતાં તમામ બાબતોને નજર સમક્ષ રાખીને બંધારણીય અર્થઘટન સંદર્ભે પ્રમુખશ્રીને મળેલ વિશેષ સત્તાના ધોરણે યોગ્ય અર્થઘટન કરાતાં હોદ્દેદારો દ્વારા પ્રમુખ સ્થાનેથી નીચે મુજબનો શ્વેત પત્ર જારી કરવામાં આવે.

૧) આ સમાજની રચના જ્યારે કરવામાં આવી ત્યારે તેના સ્થાપક વડીલો તેમ જ તે વખતનાં સાહિત્યોનું અધ્યન કરતાં સ્પષ્ટ રીતે જણાઈ આવે છે કે આ સમાજ સંપૂર્ણ રીતે હિન્દુ સનાતન વિચારધારાને વરેલ હતો અને હવે પણ તે જ પ્રમાણે રહેશે અને તે પ્રમાણે જ ચાલશે.

૨) પૂજનીય સંતશ્રી ઓધવરામજી જેવા સંતોની સલાહ અને સ્થાપક વડવાઓનો અભિગમને અનુસરી આ સમાજની રચના કરવામાં આવેલ છે. જેથી આ સમાજ સતપંથ ધર્મ પાળતા જ્ઞાતિજનોને હિન્દુ રીતરીવાજ મુજબ સનાતન વિચારધારામાં પરિવર્તીત કરશે અને દરેક જ્ઞાતિજનોને એક રાહે ભેળવવાના પ્રયાસો કરશે.

૩) સમાજ રચનાના લખાણો, તેવખતની પ્રતો, મિનિટ્સ બુકો વિગેરે પરથી પ્રમાણિત થાય છે કે આ સમાજ હિન્દુ પરંપરાને જાળવીને હમેશને માટે કાર્ય કરવાનો આદેશ હતો. તેથી આ સમાજ તે જ વિચારધારા પર કાર્ય કરશે સનાતન ધર્મનો પ્રચાર પ્રસાર કરશે.

૪) છેલ્લાં જ્ઞાતિ અધિવેશનો આ સમાજ દ્વારા બોલાવવામાં આવેલાં છે. તેથી પસાર કરવામાં આવેલ કલમ ૧૮ અને ૧૯ મુજબ આ સમાજ પાલન કરાવવા પ્રતિબધ્ધ રહેશે. તે પ્રમાણે વર્તવામાં કસુર થશે. તો આપોઆપ આ સમાજના સભ્યપદેથી રદ્દ થયેલ ગણાશે. તેઓ આ સમાજના તમામ હક્કોથી વંચીત રાખવામાં આવશે.

૫) તા. ૨૭ ફેબ્રુઆરી ૨૦૧૦ના રોજ સમાજની બોર્ડીંગ જેવા મુખ્ય કાર્યાલયમાં સમાજ દ્વારા બોલાવાયેલ નિશ્ચીત સમાધાનની તારીખે થયેલ પોલીસ કાર્યવાહી અને તેના પછી ૧૭ જેટલાને બજાવવામાં આવેલ વકીલ નોટીસો સતપંથ સમાજ દ્વારા કરવામાં આવી છે. તેવું સમાજ સ્પષ્ટ માને છે. જે સમાજના વિરુદ્ધનું આચરણ અને કૃત્ય કહી શકાય તેથી આ સમાજના સ્વર્ણિમ પર્વમાં ભાગ લેવાનો અધિકાર આપોઆપ રહેતો નથી.

૬) વર્તમાન તમામ તથ્થોને તપાસતાં ચકાસતાં સતપંથ એ ઈસ્લામ શિયા ધર્મનો નિઝારી ઈસ્માલીઝમનો પેટા ફાંટાનો એક ભાગ હોય તેવું જણાઈ આવે છે. જેની સાબિતિ આપણી પાસેનાં સાહિત્ય ઉપરાંતના અન્ય જૂનાં અને નવાં સાહિત્યોમાં તેમ જ વિશ્વ કક્ષાના માધ્યમોમાં સંપૂર્ણ રીતે ઉપલબ્ધ છે. સમાજની સામાન્ય વ્યાખ્યા અનુસાર સમાજમાં બે ધર્મો પાળતા લોકો હોઈ શકે નહિં તેવા જુદા જુદા નક્કર પ્રમાણો પણ મોજુદ છે.

૭) સ્થાપક વડીલોની ઉદાર નીતિને વળગી રહી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિનાં સતપંથના કુટુંબો કે પરિવાર કે સભ્યને આ સમાજ સ્વીકાર કરશે. તેમણે સનાતન હિન્દુ પરંપરાને નિભાવવાની રહેશે અને સમાજમાં ક્યારેય સતપંથ ધર્મનો વિચાર કે ઉલ્લેખ કરી શકશે નહિં. પૂર્વજોની ઉદાર નીતિને ધ્યાને રાખી એક બીજા સાથે ધાર્મિક બાબતો શિવાયના અન્ય વ્યવહારો હાલ પૂરતા રાખી શકશે.

૮) આ શ્વેત પત્રમાં જણાવેલ બાબતો પર દરેક દરેક સહમત હોય તો જ આ સમાજમાં રહી શકશે. આ સમાજને કોઈપણ ધર્મ સાથે વાંધો નથી પરંતુ આ સમાજ રચનાના ગઠન વખતનો અભિગમ મૂળ ઉદ્દેશ્ય અને મૂળભુત હેતુ હિન્દુ સનાતન વિચારધારા સાથેનો હોઈ આ શ્વેત પત્ર જાહેર કરવામાં આવે છે. તે વખતે પણ આવો જ જુવાળ કેટલાક કાર્યકર્તાઓમાં હતો જ તેને નકારી શકાય તેમ પણ નથી. મોટે ભાગે આ જ્ઞાતિ સંપૂર્ણ ધાર્મિક પરિવર્તનના આરે પહોંચી ચૂકી હતી તેથી આજની જાગૃતિ સંદર્ભમાં કાંઈપણ વાંધો કે ફરીયાદ કરી શકાય તેમ નથી.

અંતે આભાર વિધી કરતાં ઝોનના મંત્રિ શ્રી ઉમેશ નાથાણીએ જણાવેલ કે આઠ કલાક ચાલેલી આ સભામાં આપ સૌ ધિરજપુર્વક બેસી ચર્ચામાં ભાગ લીધો અને મંતવ્યો આપ્યા તે બદલ ઉપસ્થિત સર્વેનો ખુબ આભાર માનું છું. અને પ્રમુખશ્રીની આજ્ઞાથી મા ઉમિયાના જય બોલાવી રાષ્ટ્રગીતનું ગાન કરી સભા પૂર્ણ કરેલ.

લી.

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ-મુંબઈ ઝોન

શ્રી છગનલાલ કાનજી પોકાર - ઉપપ્રમુખ

શ્રી દેવજી કરશન ભાવાણી - મહામંત્રી

આજનો માનવ ઉપગ્રહ છોડી શકે છે પણ પૂર્વગ્રહ છોડી શક